GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat VepariMahamandal)
ShriAmbica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.orgWebsite: www.gujaratchamber.org

Press Note

# Press Release

(2389

February 1, 2020

The Union Budget for the financial year 2020-21 was presented today by Hon'ble Union Minister Smt. Nirmala Sitharaman. Giving their response to the budget, GCCI President Shri Durgesh Buch and his team of office bearers stated that in this budget many steps have been announced keeping in mind nation's progress as well as overall well-being of the people. It can be therefore said that this budget is an exercise in the right direction, but it has to be studied in totality to understand its complete implications.

On some of the provisions of the budget their response was as under.

- The budget strives towards increasing purchasing power of people, simplification of tax structure, encouraging MSMEs, providing momentum to Banking Sector, Women Empowerment and Simplification of Goods & Services Tax. This indeed is encouraging.

- Some appreciable provisions specifically for the State of Gujarat have been made in the Budget. For example the announcement of establishing **"National Bulion Exchange"** at GIFT City, Developing the historical site of "Dhola vira" as one of the five iconic sites across India for tourism purposes as also many benefits that would support to the MSME sector of Gujarat. Further the announcement of hand holding support to be offered to MSME units will go a long way in promoting this important sector of our economy.

- When the whole world is moving fast towards "Artificial Intelligence" it is good that the Government has announced establishment of "Data Centres" at each revenue District in the country.

- Similarly to ensure good health of people the Health Centres across the country will be affiliated to Medical Colleges. This will ensure that the latest benefits of Medical Research and advancement will reach to common people and there is an improvement in quality of medical services.

- Under DICGC the Deposit Insurance Cover has been raised from Rs.1 Lakh to Rs. 5 Lakh. In fact this had been the suggestion of GCCI which has been positively responded in this budget.

- Keeping in mind the Railway Network spread across the country, Government has announced that the spare land laying around Railway Tracks will be utilized to harness solar power. This too is a welcome step keeping in mind the fact that Government is keen to promote renewable sources of energy. This suggestion was also given by GCCI and we are glad that it has been considered.

- In this budget, Government has also focused on reducing the harassment that is suffered by the tax payers and therefore the new concept of "Tax Payer Charter" has been proposed. This will fix the accountability and responsibility on part of the Assessing Officer, and therefore will be eagerly awaited by people.

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org


12389

## Press Note

તારીખ 1 ફેબ્રુઆરી, 2020

વર્ષ 2020-21 નું કેન્દ્રીય અંદાજપત્ર આજ રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. આ બજેટ અંગે પ્રત્યાઘાત આપતાં GCCI ના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ તેમજ તેઓની હોદ્દેદારોની ટીમે જણાવ્યું હતું કે આ કેન્દ્રીય બજેટમાં દેશની પ્રગતિ તેમજ લોકોની સુખાકારીને ધ્યાનમાં રાખી અનેકવિધ પગલાં આવરી લેવામાં આવેલ છે તેથી ચોક્કસ કહી શકાય કે કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ આ એક યોગ્ય દિશાનું બજેટ છે પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા આ બજેટમાં જાહેર કરેલ અનેક પ્રજાલક્ષી તેમજ વ્યાપારલક્ષી જોગવાઈઓની સાથે સાથે રાખવામાં આવેલ શરતોને જો ધ્યાનમાં લઈએ તો બજેટ વિશેનું સ્પષ્ટ ચિત્ર આ તમામ બાબતોનો ઊંડો અભ્યાસ કર્યા પછીજ આપણી સમક્ષ આવી શકે.

બજેટના અમુક ચોક્કસ પાસાઓ અંગે તેઓ ના પ્રત્યાઘાત નિમ્નલિખિત હતાં.

- સમગ્ર બજેટમાં નાગરિકોની ખરીદ શક્તિ વધારવા, કરવેરાના માળખાને સરળ બનાવવા, એમ.એસ.એમ.ઈ એકમોને પ્રોત્સાહિત કરવા, બેન્કિંગ ક્ષેત્રને વેગ આપવા, મહિલા ઉદ્યોગકારોને સશક્ત કરવા તેમજ ગુડ્સ અને સર્વિસ ટેક્સને સરળ બનાવવા અનેકવિધ પગલાં ની જાહેરાત કરવા માં આવેલ છે તે આવકારદાયક છે.

- ખાસ તો આપણા ગુજરાત રાજ્ય માટે કરવામાં આવેલ કેટલીક જાહેરાતો પ્રસંશનીય છે જેમકે ગાંધીનગર ખાતે આવેલ **"ગિફ્ટ સિટી"** ના વિકાસ ને ધ્યાનમાં રાખી ત્યાં **"નેશનલ બુલિયન એક્સચેન્જ"** ની સ્થાપના, સમગ્ર દેશની પાંચ આઇકોનિક જગ્યાઓમાં ગુજરાત ખાતે આવેલ ઐતિહાસિક જગ્યા **"ધોળાવીરા"** નો સમાવેશ કરી ટુરિઝમના ઉદ્દેશ્ય થી આ સ્થળ ને વિકસાવવાની જાહેરાત, ગુજરાતના એમ.એસ.એમ.ઈ એકમોને થનારા અનેકવિધ લાભ વગેરે ચોક્કસ ગુજરાત માટે ફાયદારૂપ સાબિત થશે.

- બજેટ થકી જાહેર કરવામાં આવેલ એમ.એસ.એમ.ઈ એકમોને હેન્ડ-હોલ્ડિંગ રૂપે મદદરૂપ થવા અંગેના પગલાં પણ આવા એકમો માટે ફાયદારૂપ સાબિત થશે.

- સમગ્ર વિશ્વ જયારે ત્વરિત ગતિએ "આર્ટીફિશીઅલ ઇન્ટેલિજન્સ" ના યુગમાં હરણફાળ ભરી રહેલ છે ત્યારે આ બાબતને ધ્યાનમાં રાખી સમગ્ર ભારતમાં દરેક ડિસ્ટ્રિક્ટ ખાતે "ડેટા સેન્ટર" સ્થાપિત કરવાની બાબત ખુબ જ આવકારદાયક છે.

- તેજ પ્રમાણે પ્રજાના આરોગ્યને ધ્યાનમાં રાખી તમામ હેલ્થ સેન્ટરને નજીકની મેડિકલ કોલેજો સાથે જોડી લેવાની જાહેરાત પણ આરોગ્ય વિષયક આધુનિક ચિકિત્સાઓની ગુણવત્તાને વધારવામાં ફાયદારૂપ સાબિત થશે.

- DICGC અન્વયે ડિપોઝિટ ઉપર વીમાના કવરની રકમ વધારવાની રજુઆત GCCI દ્વારા કરવામાં આવેલ હતી અને પ્રસ્તુત કેન્દ્રીય બજેટમાં વીમા કવરની આ રકમ રૂપિયા 1 લાખથી વધારીને રૂપિયા 5 લાખ કરવામાં આવેલ છે જે એક સારું પગલું છે.

- સમગ્ર ભારતમાં ફેલાયેલ રેલવે નેટવર્ક અન્વયે તમામ રેલવે ટ્રેકની આજુબાજુ પડી રહેલ પડતર જમીન નો ઉપયોગ સોલાર પાવર ઉત્પન્ન કરવા માટે પણ જાહેરાત થયેલ છે જેથી ચોક્કસ રિન્યૂએબલ ઉર્જાના ઉપયોગને વધારવાના સરકારના અનેકવિધ પ્રયત્નોને વેગ મળશે. આ અંગે GCCI દ્વારા પણ રજુઆત કરવામાં આવેલ હતી જેનો આ બજેટ માં હકારાત્મક પ્રતિભાવ આપવામાં આવેલ છે.

- આ બજેટમાં કરદાતાઓને થતી હેરાનગતિ ઓછી કરવા માટે પણ ઘણા પગલાંની જાહેરાત કરવામાં આવેલ છે. જેમાં **"ટેક્સ પેયર ચાર્ટર"** એક ખુબજ સુંદર અભિગમ છે જેના થકી એસેસીંગ અધિકારીની ફરજ તેમજ જવાબદારી વધુ સ્પષ્ટ થશે. જેની તમામ કરદાતાઓ ખુબજ આતુરતા પૂર્વક રાહ જોશે.

- આવકવેરાના અલગ અલગ સ્લેબમાં રાહત આપવામાં આવેલ છે અને એક સરળ ટેક્સ પ્રક્રિયા લાગુ કરવામાં આવશે જે સુંદર બાબત છે પરંતુ આ બાબતે હાલમાં મળતી વિવિધ રાહતોને જતી કરવી પડશે જેના કારણે કરદાતાઓને ખરેખર કેટલો લાભ થશે તે સ્પષ્ટ થતું નથી.

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org


## Press Note

- હાલમાં પ્રત્યક્ષ કરવેરા અન્વયે લગભગ 100 જેટલી અલગ અલગ રાહતો ઉપલબ્ધ છે જેમાંથી 70 જેટલી રાહતો ઘટાડવાની કરવાની જાહેરાત કરેલ છે પરંતુ આવી 70 રાહતો કઇ છે તે જાણ્યા પછીજ તે અંગે પ્રતિભાવ આપી શકાય.

- સાથે સાથે બજેટમાં કરવેરા અન્વયે જ "ફેસલેસ અપીલ પ્રક્રિયા" ની પણ જાહેરાત થયેલ છે જેનાથી વ્યક્તિગત હસ્તક્ષેપ ટાળી શકાશે અને તેના કારણે પડતી મુશ્કેલીઓ થી કરદાતાઓને છુટકારો મળશે.

- સહકારી મંડળીઓ પર 22% નો ટેક્સ લાગુ કરવાની જાહેરાત પણ આવકાર્ય છે પરંતુ આ અન્વયે પણ કેટલીક શરતો હોવાના કારણે અન્ય કેટલાક ફાયદાઓ આવી સોસાયટીઓ એ જતા કરવા પડશે તેવું જણાય છે.

- ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ નાબૂદ કરવાની જાહેરાત પણ કોર્પોરેટ સેક્ટર માટે એક સુંદર પગલું છે.

- આયાત તેમજ નિકાસને વેગ આપવા અંગેના પગલાંના ભાગ રૂપે એક મેજર પોર્ટને સ્વાયત્ત પોર્ટ તરીકે વિકસાવવામાં આવશે જેમાં સરકારી હસ્તક્ષેપ નહિવત હશે જે થકી પ્રાઇવેટ સેક્ટરને પણ પ્રોત્સાહન મળશે તેમજ દરિયાઇ વ્યાપારઉદ્યોગને પણ ખુબ વેગ મળશે.

- મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખી હાલની મહિલાઓની લગ્નની ઉંમર અંગે પણ ફેરવિચાર કરવા એક ટાસ્ક ફોર્સની જાહેરાત કરવામાં આવેલ છે જે સામાજિક ક્ષેત્રે ક્રાંતિકારી પગલું ગણી શકાય.

- આ ઉપરાંત આ બજેટમાં સરકારશ્રીએ સીનીઅર સિટીઝન માટે પણ ઘણી જાહેરાત કરેલ છે તેમજ રૂપિયા 9500 કરોડ ફાળવેલ છે જે નોંધનીય બાબત છે.

- NBFC અન્વયે ઈન્વોઈસ ફાઇનાન્સીન્ગ ની જાહેરાત પણ એક સુંદર પગલું છે જેનાથી ચોક્કસ વ્યાપાર ઉદ્યોગને વેગ મળશે.

- કેન્દ્ર સરકારનો દેશના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવાનો કાયમી અભિગમ રહેલ છે અને તે સંદર્ભમાં જ એફોર્ડેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ને પ્રોત્સાહિત કરવા અંગેની જોગવાઈઓ આવકારદાયક છે.

- સરકારશ્રી દ્વારા જાહેર થયેલ "વિવાદ થી વિશ્વાસ" યોજના ખુબજ મોટી સંખ્યાના વિવાદોમાં ઘટાડો કરશે તેવું જણાય છે. વધુમાં આ યોજનાની સમયમર્યાદા તારીખ 31/3/2020 પછી પણ તારીખ 30/06/2020 સુધી નાની કિંમત ચૂકવી ને તેનો લાભ મેળવી શકાશે જે આવકારદાયક છે.

પ્રથમ નજરે જોતાં આ એક "સર્વ જન હીતાય, સર્વ જન સુખાય" ના ભારતીય સંસ્કૃતિ ના ધ્યેયને ધ્યાનમાં રાખતું બજેટ છે તેવું લાગે છે પરંતુ સાથે સાથે આ બજેટ ની તમામ જોગવાઇઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી તેનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે. તેથી હાલમાં આ બજેટ અંગે મિશ્ર પ્રતિસાદ આપી શકાય તેવું GCCI ના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ તેમજ અન્ય હોદ્દેદારોએ જણાવ્યું હતું.

---

પ્રતિ,
સંપાદકશ્રી,/ મુખ્ય રિપોર્ટર,/ કૉમર્શિઅલ સંપાદક,/ બ્યુરો ચીફ,/ ન્યૂઝ એડિટર, ઉપરોક્ત પ્રેસ નોટ આપના અખબાર-પત્ર માં સામેલ કરવાની વિનંતી સાથે.

**તન્મય મહેતા**
સેક્રેટરી જનરલ, GCCI

- We are happy to note that Government has announced reduction in the Personal Tax Slabs, but there is also confusion due to the fact that this benefit will go only to those who will relinquish their exemption benefits. This needs a further clarity.

- At present there are about 100 different kind of deductions and exemptions in Direct Taxes. Government has announced to reduce 70 such deductions. However we will have to wait which are these 70 applicable deductions in order to better understand the impact.

- Similarly the announcement of "Faceless Appeal Process" is a timely announcement since this will enable a tax payer to make his submission without human intervention and thus it will reduce possible harassment.

- The tax on Cooperative Societies has been brought down to 22% which is a welcome step but since there are some conditions, the societies will have to forego some benefits.

- The discontinuation of "Dividend Distribution Tax" is also a welcome step.

- The establishment of a Major Port as an Independent Port without much interference of Government will surely provide momentum to export import business especially in Gujarat.

- Towards Women Empowerment, Government has taken a revolutionary step of establishing "Task Force" for the reconsideration of Marriageable Age of women which is a revolutionary step.

- There are also many good announcements for Senior Citizens where Government has made the allotment of Rs.9500 Crore.

- The announcement of "Invoice Financing" under NBFC will give further boost to trade and industry.

- The union Government has always been keen to promote Infrastructure and keeping this in mind, there are many steps taken to promote "Affordable Infrastructure" which are welcome.

- The concept of "Vivad To Vishwas Scheme" will reduce cases of litigation. This scheme is available upto 31st March, 2020 and also upto 30th June, 2020 after paying a small charge. This flexibility in the scheme is welcome.

Over all this seems to be a people friendly budget keeping in mind the growth of nation. However the larger and complete picture would only be clear after studying specific clauses in detail.

---

Editor/Chief Reporter/Commercial Editor/Bureau Chief/News Editor
For Favour of publication

**Tanmay Mehta**
Secretary General